પારડીમાં દાગીના ચોરી કરનાર સાળાની પત્નીની ધરપકડ

પારડી: પારડીના રેંટલાવ ગામે આવેલા મોગરા ફળિયાના 'ઉત્તમ એન્કલેવ' બિલ્ડિંગના ફ્લેટ નંબર એ/૪૦૪ માં રહેતા નિકિત અનિલભાઈ દેસાઈના સાળાની પત્ની રુચિબેન હિતેશભાઇ પટેલ (રહે., સમર્પણ સોસાયટી, અડાજણ, સુરત) સામે ચોરીનો આક્ષેપ કરવામાં આવ્યો છે. રૂચિબેને દેસાઈ પરિવારના સભ્યો કામ અર્થે બહાર ગયા હતા ત્યારે સોનાના દાગીના 5.60 લાખ અને રોકડા દોઢ લાખની ચોરી કરી હતી. બાદમાં પૂછપરછ દરમિયાન કબૂલાત કરી હતી કે ચોરેલા દાગીના સુરતના ઝવેરીને વેચી દીધા હતાં. પોલીસે રૂચિ પટેલની ધરપકડ કરી હતી.

વલસાડમાં પેટ્રોલ પંપ ફિલિંગ દરમિયાન ટેન્કરમાં આગ લાગી

વલસાડ: વલસાડ કલ્યાણબાગની બાજુમાં આવેલા પેટ્રોલ પંપ પર મંગળવારની સાંજે અચાનક રહેલા ટેન્કરમાંથી ફિલિંગ દરમિયાન કોઇ કારણોસર શોર્ટ સર્કિટ થયું અને થોડી આગ લાગી હતી. જેને લઇ અહીંના કર્મચારીઓ સહિતના લોકો પંપ પરથી ભાગી ગયા હતાં. જોકે, ત્યારબાદ કેટલાક બહાદુર કર્મચારી દ્વારા અગ્નિશામક છાંટી આગને કાબૂમાં લેવાતા મોટી દુર્ઘટના ટળી હતી.

ખેરગામ નડગધરી માર્ગ પર ટેમ્પો અડફેટે બાઈકસવાર વૃદ્ધનું મોત

ખેરગામ: ખેરગામ-નડગધરી માર્ગ પર નડગધરી પટેલ ફળિયા ચાર રસ્તા પાસે સુનિલભાઈ ધીરૂભાઈ પટેલ (રહે., પાણીખડક, મંદિર ફળિયા, તા. ખેરગામ) પોતાનો ટેમ્પો (નં. જીજે ૧૫ xx ૬૬૪૬) નો બેદરકારીથી હંકારી લાવી એક બાઇકને અડફેટે લીધી હતી. આ અકસ્માતમાં બાઈક પર સવાર ગુણવંતભાઈ બાબરભાઈ પટેલ (ઉ.વ.૬૨) ને માથા અને શરીરના ભાગે ગંભીર ઇજાઓ થતાં તેમનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. જ્યારે બાઈક ચાલક નટુભાઈ છનાભાઈ પટેલ (ઉ.વ.૬૦)ને ઇજાઓ થતાં સારવાર અર્થે ખસેડાયા છે.

કરમબેલી હાઈવે પર કાર કન્ટેનરમાં અથડાતા એકનું મોત

ઉમરગામ: ભીલાડ નજીક કરમબેલી હાઈવે પર આગળ ચાલતા કન્ટેનરમાં કાર અથડાવી દેતા કારમાં એક યુવાનનું મોત નીપજ્યું હતું જ્યારે ચારને ઈજા પહોંચી હતી. ગ્રીન પાર્ક સોસાયટી છરવાડા વાપી ખાતે રહેતા મોહમદ રેહાન મન્સુરી હોન્ડા સિટી કાર લઈને મિત્રો કરણ મગનલાલ કલવી તથા શિવમ વિનોદ ગુપ્તા તથા અરિહંત ગુપ્તા સાથે બુધવારે મહારાષ્ટ્ર તરફ ફરવા જતાં હતા ત્યારે કરમબેલી બ્રિજ નજીક એક કન્ટેનરમાં કાર પાછળથી અથડાવી દીધી હતી. અકસ્માતમાં કારમાં સવાર તમામને ઇજાઓ પહોંચતા વાપીની હરિયા હોસ્પિટલમાં ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ થયા હતા. સારવાર દરમિયાન અરીહંત ગુપ્તાનુ મોત નીપજ્યું હતું. ભીલાડ પોલીસે મોહમદ રેહાન મન્સુરી (રહે., વાપી, છરવાડા) વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

બીલીમોરાના વાઘરેજની ત્રિવેણી નદીમાં ડૂબી જતાં યુવતીનું મોત

બીલીમોરા: વાઘરેચ નાની માછીવડમાં રહેતી ૩૪ વર્ષની ટ્વિંકલબેન ભુપેન્દ્રભાઈ વઢવાણા કે જે છેલ્લા ઘણાં સમયથી ખેંચની બીમારીથી પીડાતી હતી અને માનસિક રીતે પણ અસ્થિર પણ હતી. તેણી વિતેલા મંગળવારે સવારે દસથી બપોરે દોઢ કલાકની વચ્ચે વાઘરેચ ત્રિવેણી સંગમ ખાતે નદીના પાણીમાં અકસ્માતે પડી જવાથી ડૂબી ગઇ હતી. ઘટનાની જાણ થતાં પોલીસે તેનો મૃત્યુદેહ પાણીમાંથી બહાર કાઢી કાર્યવાહી હાથ ધરી છે.

વાપીમાં બે દિવસમાં રૂ.૩.૮૨ કરોડનો પ્રોપર્ટી ટેક્સ જમા

જૂન માસમાં વેરો ભરવામાં બલીઠા અને છરવાડા વિસ્તારના મિલકતધારકો અગ્રેસર રહ્યા

વાપી: વાપી મહાનગરપાલિકા દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ માટે અમલી બનાવવામાં આવેલી જૂન માસની પ્રોપર્ટી ટેક્સ રિબેટ યોજનાને આ વર્ષે કરદાતાઓ તરફથી સારો પ્રતિસાદ મળ્યો છે. યોજનાના અંતિમ બે દિવસમાં જ મિલકત ધારકોએ રૂ.૩.૮૨ કરોડનો વેરો જમા કરાવ્યો હતો. આ વર્ષે વેરામાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી અને નિયમિત ૫% ઉપરાંત કરદાતાઓને પ્રોત્સાહિત કરવા માટે વેબસાઈટથી ઓનલાઈન વધુ ૧% રીબેટ આપવામાં આવ્યું હોવાથી ગત વર્ષ કરતાં રૂ.૩.૫૫ કરોડનો વેરો વધુ ભરાયો છે. જૂન માસમાં ૪૮૫૪૮ મિલકત ધારકોએ રૂ.૧૯.૮૮ કરોડનો વેરો ભરીને રૂ.૯૫.૪૧ લાખનું રિબેટ મેળવ્યું હતું. જેમાં ઓનલાઈન વેરો રૂ.૯.૮૦ કરોડ જમા થયો હતો. ગત વર્ષે ૩૬૦૩૦ લોકોએ રૂ.૧૬.૩૩ કરોડનો વેરો ભરી રૂ.૬૬.૬૩ લાખનું રિબેટ મેળવ્યું હતું.

મૂળ વાપી નગરપાલિકા વિસ્તાર સાથે સમાવિષ્ટ ૧૧ ગામ વિસ્તારના મિલકત ધારકોએ પણ વધુ ઉત્સાહ બતાવ્યો હતો અને ૧૨૯૮૭ મિલકત ધારકોએ રૂ.૪.૫૯ કરોડનો વેરો જમા કરાવી વિકાસ કાર્યોમાં ભાગીદારી નોંધાવી છે. ગત વર્ષે ૧૧ ગામ વિસ્તારમાંથી રૂ.૧.૮૧ કરોડ જમા થયો હતો. જૂન માસમાં વેરો ભરવામાં બલીઠા અને છરવાડા વિસ્તારના મિલકત ધારકો અગ્રેસર રહ્યા હતા.

વલસાડ સોનવાડા ને.હા. પર કન્ટેનરમાં આગ, મુંબઈ-અમદાવાદ હાઇવે બ્લોક

■ વલસાડ: વલસાડના ડુંગરી ગામ નજીક હાઇવે પર એક મોટી દુર્ઘટના સામે આવી છે. ડુંગરી નજીક આવેલા સોનવાડા પાસે નેશનલ હાઇવે 48 પરથી પસાર થઈ રહેલા એક ચાલતા કન્ટેનરમાં અચાનક જ ભીષણ આગ ફાટી નીકળી હતી. આગ એટલી વિકરાળ હતી કે જોતજોતામાં સમગ્ર કન્ટેનર આગની લપેટમાં આવી ગયું હતું, જેને પગલે હાઇવે પર અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. પ્રાથમિક માહિતી અનુસાર, કન્ટેનરમાં કોઈ કેમિકલ જેવો જ્વલનશીલ પદાર્થ ભરેલો હોવાની આશંકા સેવાઈ રહી છે. કેમિકલના કારણે આગે ક્ષણભરમાં જ અત્યંત વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું અને ધુમાડાના ગોટેગોટા દૂર-દૂર સુધી જોવા મળ્યા હતા. માહિતી મળતાની સાથે જ ફાયર બ્રિગેડની 3 ગાડીઓ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો હાથ ધર્યા છે. આગની ભયાનકતા અને સુરક્ષાાનમાં રાખીને નેશનલ હાઇવે 48 પરનો મુંબઈ-અમદાવાદ તરફનો વાહનવ્યવહાર સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવ્યો હતો. જેના કારણે હાઇવે પર વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી.

સાદડવેલમાં ઇન્ડિયન પોટાશ લિમિટેડનો ઉગ્ર વિરોધ

આજે કાવેરી સુગરથી વિશાળ જનજાગૃતિ રેલી નીકળશે

એકતરફ પ્રાકૃતિક ખેતીનો પ્રચાર, બીજી તરફ રાસાયણિક ખાતરની ફેક્ટરીને મંજૂરી!

ઘેજ: ચીખલી તાલુકાના સાદડવેલ ગામે આવનાર ઇન્ડિયન પોટાશ લિમિટેડ કંપનીના વિરોધમાં આજે ગુરુવારના રોજ સ્થાનિકો દ્વારા વિશાળ જન જાગૃતિ રેલી યોજવામાં આવશે. સરકાર એક તરફ પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપી રહી છે અને બીજી તરફ રાસાયણિક ખાતરની કંપનીની મંજૂરી માટેની તજવીજથી સ્થાનિકોમાં ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે.

સદાડવેલ ગામે ઇન્ડિયન પોટાશ લિમિટેડનો દિવસે દિવસે સ્થાનિકોમાં વિરોધ વધી રહ્યો છે. આ કંપની દ્વારા ગામમાં રાસાયણિક ખાતરના ઉત્પાદન માટેનું યુનિટ શરૂ કરવામાં આવનાર હોવાની સ્થાનિકોને દહેશત હોય અમે રાસાયણિક ખાતરની ફેક્ટરીથી સાદડવેલ ઉપરાંત આજુબાજુના ગામોમાં વ્યાપક પ્રદૂષણ ફેલાવા સાથે ફળદ્રુપ જમીન અને પાણી પણ દૂષિત થવાની આશંકા વ્યક્ત કરાઈ રહી છે.

નોંધનીય છે કે સાદડવેલ ગામમાં હરાજીમાં ઇન્ડિયન પોટાશ લિમિટેડ દ્વારા કાવેરી સુગરની જમીન હરાજીમાં લેવામાં આવી હતી અને જમીનમાં રાસાયણિક ખાતરની ફેક્ટરી શરૂ કરવાની દહેશતથી ગામ લોકોમાં ઉગ્ર રોષ ભભૂકી ઉઠ્યો છે અને સ્થાનિકોમાં સુગર શરૂ થાય તેની સામે વાંધો નથી પરંતુ રાસાયણિક ખાતર કે પ્રદૂષણ ફેલાવતી કોઇપણ કંપની શરૂ થાય તેની સામે ઉગ્ર વિરોધ જોવા મળી રહ્યો છે.

સાદડવેલ ગામના અગ્રણી પંકજભાઈ પટેલની આગેવાનીમાં ઇન્ડિયન પોટાશ લિમિટેડ કંપનીના વિરોધમાં ૨-જુલાઇના ગુરુવારના રોજ સવારે નવ વાગ્યેથી સાદડવેલ તાતીખાડી પેટ્રોલપંપથી રાનકુવા સર્કલ સુધી વિશાળ જન જાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે.

વઘઈ-સાપુતારા માર્ગ પર વાહન અડફેટે એકનું મોત

સાપુતારા: ડાંગનાં વઘઈ-સાપુતારા માર્ગ પર અકસ્માતમાં બાઈકચાલકનું મોત નીપજ્યું હતું.

વઘઈ સાપુતારા હાઈવે પર આવેલા બાજ ગામ નજીકથી પસાર થઈ રહેલી એક મોટરસાઈકલ (નં. જીજે 30 સી 7762)ને કોઈ અજાણ્યા વાહનચાલકે જોરદાર અડફેટમાં લીધી હતી. આ અકસ્માતામાં મોટરસાઈકલ ચાલકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. અકસ્માતનો ભોગ બનેલો ઈસમ વઘઈ તાલુકાના નાની દાબદર ગામનો રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાને પગલે આસપાસના સ્થાનિક લોકો એકઠા થઈ ગયા હતા અને તુરંત જ પોલીસને જાણ કરી હતી. પોલીસે અકસ્માત સર્જી ફરાર થઈ ગયેલા વાહનચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

બીલીમોરા કોસ્ટલ હાઈવે પર નવું વીજ સબસ્ટેશન બનશે

તમામ ફીડરોની ઓવરલોડિંગ સમસ્યા દૂર થશે

બીલીમોરા: બીલીમોરા શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોના વીજ માળખું વધુ સુચારું અને મજબૂત બને તે માટે કલેક્ટર નવસારી કચેરી દ્વારા બીલીમોરા શહેરના પશ્ચિમ વિસ્તારમાં નવા ૬૬ કે.વી. સબસ્ટેશનના નિર્માણ માટે સત્તાવાર રીતે જમીન ફાળવી દેવામાં આવી છે. આ જમીન સર્વે નં. ૨૨૯૫, નયારા પેટ્રોલ પંપ પાસે, કોસ્ટલ હાઈવે, બીલીમોરા ખાતે આવેલ છે. આ ઐતિહાસિક નિર્ણયથી સમગ્ર વિસ્તારના વીજ પુરવઠાની વિશ્વસનીયતા અને ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો થશે. હાલમાં બીલીમોરા વિસ્તારના કેટલાક વીજ ફીડરો પર સતત વધતા વીજભાર ને કારણે વારંવાર વીજ પુરવઠામાં વિક્ષેપ અને અન્ય ટેક્નિકલ સમસ્યાઓ સર્જાતી હતી. આ નવા સબસ્ટેશનના નિર્માણ બાદ તમામ ફીડરો પરનો લોડ યોગ્ય રીતે સંતુલિત થશે, જેના પરિણામે ઓવરલોડિંગની સમસ્યા ભૂતકાળ બની જશે અને ગ્રાહકોને કોઈ પણ ખલેલ વગર સતત અને સ્થિર વીજળી પ્રાપ્ત થશે. નવા સબસ્ટેશનના નિર્માણથી પાવર સપ્લાય કરતાં ફીડરોની લંબાઈ ટૂંકી થશે. ફીડરો ટૂંકા થવાથી ટેક્નિકલ લોસમાં મોટો ઘટાડો થશે અને વીજ વિતરણની કાર્યક્ષમતા વધશે.

નવસારી ફ્લાવર શો: રૂપિયા 60 લાખના વધારાના ખર્ચ પર સવાલ

દસ્તાવેજો જાહેર કરવા અને સ્વતંત્ર તપાસની કરી અપીલ

નવસારી: નવસારી મહાનગરપાલિકા દ્વારા વર્ષ 2026માં યોજાયેલા ફ્લાવર શોના ખર્ચમાં રૂ.60 લાખના વધારાને લઈને શહેરના જાગૃત નાગરિક ભરત શાહે મેયર અને મ્યુનિસિપલ કમિશનરને લેખિત રજૂઆત કરી છે. રજૂઆતમાં વધારાના ખર્ચ અંગે સંપૂર્ણ સ્પષ્ટતા કરવા, સંબંધિત દસ્તાવેજો જાહેર કરવા તેમજ સમગ્ર પ્રકરણની સ્વતંત્ર નાણાકીય અને ટેકનિકલ તપાસ કરાવવાની માંગ કરવામાં આવી છે.

રજૂઆતમાં જણાવાયું છે

કે ફ્લાવર શો માટે અગાઉ અંદાજે રૂ.2.50 કરોડનો ખર્ચ મંજૂર કરવામાં આવ્યો હતો. હવે વધારાના રૂ. 60 લાખની જરૂરિયાત કયા કારણોસર ઊભી થઈ, શું તે માટે નિયમ મુજબ જરૂરી વહીવટી અને નાણાકીય મંજૂરી લેવામાં આવી હતી અને ખર્ચ સંબંધિત તમામ પ્રક્રિયાઓ નિર્ધારિત નિયમો અનુસાર હાથ ધરવામાં આવી હતી કે નહીં, તે અંગે વિગતવાર માહિતી જાહેર કરવાની માંગ કરવામાં આવી છે.

ભરત શાહે રજૂઆતમાં સમગ્ર ખર્ચનું સ્વતંત્ર નાણાકીય અને ટેકનિકલ ઓડિટ કરાવી તેનો અહેવાલ જાહેર કરવામાં આવે, જેથી જાહેર નાણાંના ઉપયોગ અંગે પારદર્શિતા જળવાઈ રહે તેવી માંગ પણ કરવામાં આવી છે. રજૂઆતમાં વધુમાં જણાવાયું છે કે જો તપાસ દરમિયાન કોઈ પ્રક્રિયાકીય ખામી, નાણાકીય અનિયમિતતા અથવા નિયમોના ભંગની બાબત સામે આવે તો સંબંધિત અધિકારીઓ કે અન્ય જવાબદાર વ્યક્તિઓ સામે કાયદાકીય જોગવાઈઓ મુજબ યોગ્ય કાર્યવાહી કરવામાં આવે. સાથે જ તપાસ પૂર્ણ થયા બાદ જ વધારાના ખર્ચ અંગે અંતિમ નિર્ણય લેવામાં આવે તેવી પણ અપીલ કરવામાં આવી છે.

રખડતા ઢોરના ત્રાસથી તીઘરા ગામમાં ભય અને બેફામ પરેશાની

ગ્રામજનોએ કમિશનર અને કલેક્ટરને તાત્કાલિક કાર્યવાહી માટે રજૂઆત કરી

નવસારી: નવસારી મહાનગરપાલિકાના વોર્ડ નં. 13 હેઠળ આવેલા તીઘરા ગામમાં રખડતા ઢોરની સમસ્યાએ ગંભીર સ્વરૂપ ધારણ કર્યું હોવાનું ગ્રામજનોએ રજૂઆતમાં જણાવ્યું છે. ગામમાં આખલા, ગાયો અને ભેંસોના ટોળાં જાહેર રસ્તાઓ, રહેણાંક વિસ્તારો અને ખેતીની જમીનમાં નિરંકુશ રીતે ફરી રહ્યા હોવાથી સ્થાનિકો સતત ભયના માહોલમાં જીવન જીવી રહ્યા છે.

રહીશોના જણાવ્યા મુજબ રખડતા ઢોર ખેડૂતોના મહેનતથી તૈયાર થયેલા પાકને ભારે નુકસાન પહોંચાડી રહ્યા છે. ઘરની આજુબાજુ વાવેલી શાકભાજી અને અન્ય વનસ્પતિ પણ નાશ પામી રહી છે. અનેક વખત ઢોરો રહેણાંક વિસ્તારોમાં ઘૂસી જઈ ઘરવખરીને નુકસાન પહોંચાડે છે અને ગંદકી ફેલાવે છે, જેના કારણે મહિલાઓ, બાળકો અને વૃદ્ધોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. ગામના મુખ્ય માર્ગો પર ઢોરોના ટોળાં બેસી રહેતા વાહનવ્યવહાર ખોરવાઈ જાય છે. અચાનક રસ્તા પર દોડી આવતાં અથવા એકબીજા સાથે બાખડતાં ઢોરોને કારણે અકસ્માતનો ભય સતત રહે છે. શાળા જતા બાળકો, વૃદ્ધો અને દ્વિચક્રી વાહનચાલકો માટે આ સ્થિતિ વધુ ચિંતાજનક બની હોવાનું ગ્રામજનોએ જણાવ્યું છે. ઘરની બહાર વાહનોને પણ નુકસાન થતું હોવાની ફરિયાદ કરવામાં આવી છે. તીઘરા ગામના રહીશોએ નવસારી મહાનગરપાલિકાના કમિશનર અને જિલ્લા કલેક્ટરને લેખિત રજૂઆત કરી છે. રજૂઆતમાં રખડતા ઢોરોને તાત્કાલિક પકડી પાંજરાપોળમાં ખસેડવા, નિયમિત અભિયાન ચલાવવા માંગ કરવામાં આવી છે.

બાજ ગામ નજીક કાર અને બાઈક વચ્ચે અકસ્માત, ચાલકને ઈજા

સાપુતારા: કંપનીના પ્રોડક્ટના પ્રચાર-પ્રસાર માટે નાસિક તરફ જઈ રહેલી કાર (નં. GJ 05 JQ 0149) બાજ ગામ નજીકથી પસાર થઈ રહી હતી ત્યારે સામેથી રાજસ્થાનનો એક યુવક પોતાની બાઈક (નં. RJ 33 QA 5800) પર પ્લાસ્ટિકની ખુરશીઓ બાંધીને રોંગ સાઈડમાં આવી રહ્યો હતો. બાઈક કારના બોનેટ સાથે જોરદાર અથડાતા બાઈકચાલકને કાન તેમજ માથાના ભાગે નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્તને વઘઈ સામુહિક આરોગ્ય કેન્દ્ર (CHC) ખાતે ખસેડવામાં આવ્યા હતા.

વલવાડા હાઇવે પર બાઈક સ્લિપ થતાં યુવકનું મોત

ઉમરગામ: ઉમરગામના કરમબેલી સેલો કંપનીની બાજુમાં રહેતા અજય નન્હે યાદવ (ઉ.વ.22, મૂળ યુપી) તથા રાજન નારદ યાદવ મંગળવારે રાત્રે વલવાડા સાંઈ ઢાબા હોટલની સામે મુંબઇ તરફ જતાં નેશનલ હાઇવે પર અચાનક તેમની મોટરસાઈકલ સ્લીપ થઈ જતા બંને જણા રોડ ઉપર પટકાતા ગંભીર ઈજા પહોંચી હતી. બંનેને સારવાર માટે વલસાડ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં ચાલક અજય નન્હે યાદવનું મોત થયું હતું. જ્યારે વધુ સારવાર માટે રાજનને સુરત સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો.

ગોમટીપાડા ફળિયામાં જીવલેણ ખાડાઓથી ગ્રામજનો ત્રસ્ત

ધરમપુર: ધરમપુરના રાજપુરી જંગલ ગામના ગોમટીપાડા ફળિયામાં મુખ્ય રસ્તાથી ખોરી કેળીયા તરફ જતાં અંદાજે ૨૦૦ મીટરના માર્ગ પર જીવલેણ ખાડાઓ પડતાં ગ્રામજનોએ પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપ્યું છે. આંગણવાડી અને પ્રાથમિક શાળાના કુલ ૧૦૫ બાળક દરરોજ આ જ રસ્તેથી અવરજવર કરતાં હોવાથી અકસ્માતનો ભય વધી ગયો છે. ચોમાસામાં ખાડાઓમાં પાણી ભરાઇ જતાં સ્થિતિ વધુ જોખમી બની છે. અનેક રજૂઆતો છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. ગ્રામજનોએ તાત્કાલિક રસ્તાનું સમારકામ અને કાયમી પાકા માર્ગનું નિર્માણ કરવાની માંગ કરી છે.

સંક્ષિપ્ત સમાચાર

વાપીની શ્રી એલ.જી. હરિયા મલ્ટીપર્પઝ સ્કૂલના વિદ્યાર્થીઓનું પ્રદર્શન

વાપી: સેલવાસની લાયન્સ સ્કૂલ દ્વારા આયોજિત ઇન્ટર સ્કૂલ IT TALENT SHOW- LIONET MINDSPACE 2.0 માં શ્રી એલજી હરિયા મલ્ટી પર્પઝ સ્કૂલના વિદ્યાર્થીઓએ ઈ- કોડિંગ, વેબ ડિઝાઇનિંગ અને સ્માર્ટ ઓટોમેશન જેવા વિષયમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરી શાળાનું નામ રોશન કર્યું છે. સ્પર્ધામાં 15 કરતાં વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં BLIXATHON -પ્રથમ ગ્રુપમાં ધોરણ 8ના વિદ્યાર્થી માસ્ટર યશ પ્રતાપસિંગ અને માસ્ટર બાલેશ ઓઝાએ પ્રથમ સ્થાન મેળવ્યું છે. IOT /SMART AUTOMATIO બીજા ગ્રુપમાં ધોરણ નવના માસ્ટર પ્રતીક ત્રિપાઠી અને માસ્ટર અમન કુમારે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. ROBO RESCUE ARENA - ત્રીજા ગ્રુપમાં ધોરણ 12 ના માસ્ટર હરજશ સિંગ અને માસ્ટર આયુષ પંડિત તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે. સ્પર્ધાનાં બધા વિજેતા વિદ્યાર્થીઓને, શ્રી કૌશિક હરિયા એજ્યુકેશનલ ફાઉન્ડેશનના ચેરમેન એ. કે. શાહ અને મેનેજિંગ ટ્રસ્ટી બિમલ હરિયા અને શાળાના આચાર્યા બીજ્ની પોલ તથા સ્ટાફ વતી અભિનંદન પાઠવવામાં આવ્યા હતાં.

વાપી કેબીએસ કોલેજ માર્ગ પર કન્ટેનરની અડફેટે મહિલાનું મોત

વાપી: વાપી ડુંગરામાં રહેતા અબ્દુલ સત્તાર હકીકઉલ્લા ચૌધરી (ઉ.વ.50) મંગળવારે તેમની સાળી જનતુન નિશા સમસુદ્દીન ખાન (ઉ.વ.45, રહે., મુસ્તફા રેસિડેન્સી, ડુંગરી ફળિયા, વાપી) અને તેની દિકરી અલિશબા મહેક ખાન (ઉ.વ.11) વાપી કેબીએસ કોલેજ પાસે માર્ગ ઓળંગી રહ્યા હતા, તે સમયે સેલવાસ રોડથી વિનંતી નાકા તરફ જતી વખતે કન્ટેરને અડફેટે લેતાં ગંભીર ઈજાઓને પગલે હોસ્પિટલમાં સારવાર દરમિયાન જનતુન ખાનનું મોત નીપજ્યું હતું.

લાયન્સ ક્લબ ઓફ વાપી સેન્ટ્રલ દ્વારા CA ડે અને ડૉક્ટર્સ ડેની ઉજવણી

વાપી: લાયન્સ ક્લબ ઓફ વાપી સેન્ટ્રલે ક્લબના પ્રમુખ લાયન ગણેશ દેસાઈના નેતૃત્વ હેઠળ સીએ ડે અને ડોક્ટર્સ ડેની ઉજવણી કરી હતી. કાર્યક્રમમાં સીએ સુમિત દોશી, સીએ હર્ષ દોશી, સીએ દીપ ઠક્કર અને સીએ અજિત કંસાગરાનું સન્માન કરવામાં આવ્યું હતું. ઉપરાંત ડો. પ્રિયંક મોદી (ડેન્ટલ સર્જન), ડો. ચિંતન પટેલ (લંગ સ્પેશિયાલિસ્ટ), ડો. ઈલેશ શાહ (સર્જન, જીવનદીપ હોસ્પિટલ), ડો. અશોક શાહ (MBBS), ડો. ધવલ કોટડિયા (ડેન્ટલ સર્જન), ડો. મનીષ સચદેવ (ઓર્થોપેડિક સર્જન) અને ડો. શોભા એન્ડીનું પણ સન્માન કરવામાં આવ્યું. કાર્યક્રમના પ્રોજેક્ટ ચેરમેન તરીકે લાયન સીએ સુમિત દોશીએ જવાબદારી નિભાવી હતી. ક્લબના સચિવ લાયન નિવાસુલુ મિટ્ટાએ આભારવિધિ વ્યક્ત કરી હતી તથા લાયન રાજેશ પંચાલ, લાયન ધર્મેન્દ્ર કાપડિયા, લાયન નવીનભાઈ, લાયન પ્રિયંક મોદી સહિત તમામ સભ્યોનો આભાર માન્યો હતો.

ખોટી નંબર પ્લેટ લગાવી દારૂની હેરાફેરી, મહિલા સહિત બે ઝડપાયા

પારડી: પારડી પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમીના આધારે, પારડી નવી મામલતદાર કચેરી સામે, વાપીથી વલસાડ તરફ જતાં નેશનલ હાઈવે નંબર ૪૮ પર નાકાબંધી કરી હતી. ત્યાંથી પસાર થતી વેગનઆર કારને રોકીને તપાસ કરતાં દારૂની બોટલ નંગ 786 જેની કિંમત રૂ.2.58 લાખનો જથ્થો મળી આવ્યો હતો. બુટલેગરોએ પોલીસને ગેરમાર્ગે દોરવા માટે મહારાષ્ટ્ર પાસિંગની કાર નં. MH-03-ES-0469 પર ગુજરાતની ખોટી નંબર પ્લેટ લગાવી હતી. પોલીસે કારચાલક ઋષિ સંજયસિંહ સિંગ (રહે., નાલાસોપારા, જિ.પાલઘર, મૂળ બિહાર) અને કેસર અસલમ શેખ (રહે., વસઈ ઈસ્ટ, થાણા, મહારાષ્ટ્ર) ની ધરપકડ કરી હતી. પોલીસે કુલ રૂ.4.65 લાખનો મુદ્દામાલ કબજે કરી આઝમ શેખ નામના આરોપીને વોન્ટેડ જાહેર કરી તપાસ હાથ ધરી છે.

આખરે ધરમપુરનું 150 વર્ષ જૂનું જર્જરિત મકાન તોડી પડાયું

(આસીફ શેખ)

ધરમપુર: ધરમપુર પાલિકા તંત્ર દ્વારા રાધા કૃષ્ણ મંદિર સામે આવેલું 150 વર્ષ જુનું રાજા રજવાડાઓના સમયનું જર્જરીત જૂનું મકાન પાલિકા તંત્ર દ્વારા ચોમાસું હોય અને વાવાઝોડુંમાં આ જૂનું ખખડધજ મકાન માર્ગની બાજુમાં ગાંધીબાગ સામે હોવાથી આ માર્ગ પર લોકોની અવરજવર વધુ હોવાથી આ જર્જરીત મકાન ગમે ત્યારે તૂટી પડે એવી અવસ્થામાં પહોંચતા પાલિકા ચીફ ઓફિસર વિજય ઈટાલિયાએ મકાન માલિક શાંતાબેન અમરત ઠક્કરને નોટિસ ફટકારી હતી. રાજા રજવાડાના સમયનું જૂનું ખખડધજ મકાન પાલિકા તંત્ર દ્વારા જેસીબીથી તોડી પાડવામાં આવ્યું હતું.

અતુલ ક્લબ ખાતે 'યોનેક્સ સનરાઈઝ ઓપન ગુજરાત અન્ડર-૧૯ બેડમિન્ટન ટુર્નામેન્ટ'નો પ્રારંભ

વલસાડ: બલસાર ડિસ્ટ્રિક્ટ બેડમિન્ટન એસોસિએશન અને અતુલ ક્લબના સંયુક્ત ઉપક્રમે રાજ્ય કક્ષાની પ્રતિષ્ઠિત 'યોનેક્સ સનરાઈઝ ઓપન ગુજરાત-મેજર રેન્કિંગ બેડમિન્ટન ટુર્નામેન્ટ અન્ડર-૧૯ બોયઝ એન્ડ ગર્લ્સ- ૨૦૨૬'નું આયોજન અતુલ ક્લબ ખાતે કરવામાં આવ્યું છે. આ ટુનમિન્ટ તારીખ ૧ જુલાઈથી ૫જુલાઈ સુધી એમ કુલ પાંચ દિવસ ચાલશે. બુધવારે ટુર્નામિન્ટના પ્રથમ દિવસે બલસાર ડિસ્ટ્રિક્ટ બેડમિન્ટન એસોસિએશનના પ્રમુખ અર્ચનાબેન દેસાઈ, વિવેક ગદરે અને નિમિષ વશીના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને મેચનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ખેલાડીઓનો ઉત્સાહ વધારવા માટે એડવોકેટ ધર્મિન દેસાઈ તેમજ અક્ષય રાણા ખાસ ઉપસ્થિત રહ્યા હતાં. આ આયોજનમાં પી. સત્યનારાયણ અને થેમસ પી. સૂરતી રેફરી તરીકેની ભૂમિકા સાથે અમ્પાયરોની આખી ટીમ સક્રિય છે, જ્યારે ટુર્નામિન્ટના મુખ્ય આયોજક અને સેક્રેટરી વિવેક દેસાઈની હાજરી ખેલાડીઓ માટે પ્રોત્સાહક બની રહી હતી.

વિજલપોરના યુવકના બેંક ખાતામાં સાયબર ફ્રોડના ટ્રાન્ઝેક્શન ઝડપાયા

નવસારી: સાયબર ક્રાઇમ પોર્ટલ પરથી મળેલી માહિતીના આધારે પોલીસે તપાસ હાથ ધરી હતી, જેમાં વિજલપોરના આકાર પાર્ક સોસાયટીમાં રહેતા હર્ષ નંદુભાઈ સૈદાની સામે ગુનો નોંધ્યો હતો. પોલીસ તપાસ મુજબ, આરોપીના નામે બેંક ઓફ મહારાષ્ટ્રની ગોપાલનગર શાખામાં ખોલવામાં આવેલા બેંક ખાતામાં દેશના વિવિધ રાજ્યોમાં સાયબર ઠગાઈનો ભોગ બનેલા લોકો પાસેથી મેળવાયેલી રકમ ઓનલાઈન જમા થતી હતી. પોલીસના જણાવ્યા મુજબ, આરોપીને આ રકમના શંકાસ્પદ સ્ત્રોતની જાણ હોવા છતાં આર્થિક લાભ મેળવવાના હેતુથી તેણે પોતાના બેંક ખાતાનો ઉપયોગ થવા દીધો હોવાનો આરોપ છે. પ્રાથમિક તપાસમાં આ ખાતામાં અંદાજે રૂ.3.26 લાખના ઓનલાઈન ટ્રાન્ઝેક્શન નોંધાયા હોવાનું સામે આવ્યું છે. અન્ય રાજ્યોમાં નોંધાયેલી સાયબર ફ્રોડની ફરિયાદોના આધારે આ ખાતાની વિગતો પોલીસ સુધી પહોંચી હતી. તપાસ દરમિયાન આ ખાતાનો ઉપયોગ ઠગાઈની રકમને અન્ય સ્થળે ટ્રાન્સફર કરવા અથવા સગેવગે કરવા માટે થયો હોવાની દિશામાં પણ તપાસ ચાલી રહી છે.